કવી કાળીદાસ કૃત

ધ્રુવ આખ્યાન.

છપાવી પ્રસિદ્ધ કરનાર

શા. મંગળદાસ લલ્લુભાઇ નારણદાસ બુકસેલર

લીમડાચોક—સુરત.

શ્રી 'અનાવિલ"

ધ્રુવ આખ્યાન.

(ધાસાવડના કાળીદાસની કવિતા જણાય છે.)

ચંદ્રાવળી.

શ્રી ગુરૂ ગોવિંદને વર્ણવું, પ્રેમશું લાગુ પાય
આરાધું અવિનાશી એવા આદિ નિરંજનરાય;
આદિ નિરંજન અકળ સ્વરૂપ, રામે લીધાં રમવા રૂપ,
સૃષ્ટિ નિપાવા થઇ મનસાય, શુભટ થઇ પોઢયા જળમાંય

હરખ ન માયે હૈડામાંય, ધ્રુવજી રમતાં આવ્યા ત્યાંય;
ઉછંગ બેસવા કીધા મન, અપરમા કહે કઠણ વચન.

જે. જે. ૪

સુમતી—અપરમા એમ બોલ્યાં ભુંડાં, એ સુખ તુજને ક્યાથી;
અભાગણીના પેટતણું તું, જાને અકરમી મહાંથી;
ઇહિંથી જઇ વનમાં તપ માંડ, હરિ ભજીને કાયા છંડ;
ફરી જનમ લે મારે શરીર, તો તને રાજ અપાવીશ વીર.

જે. જે. ૫

વચનો વિનતાના સાંભળી, ઉતાર્યો મોનો રંગ;
સભા ને સભાણી દેખતાં, ધ્રુવજી થયા મનભંગ;
મન ભંગ થઇ નાખ્યો નિશ્વાસ રોતા આવ્યા માની પાસ
[illegible] કાણું કુળમાં આજ

જે. જે ૬

નથી સંતોષ્યા સાધુને, નથી આપ્યાં વિપ્રને દાન
ઓછાં કર્મ જમાં આપણાં ત્યારે, ક્યાંથી રાયનાં માન;
માન ભોગવે ઉત્તમ નિત્ય, દત્ત વિના કેમ પામીયે વત્ત;
જો હોય ઇંદ્રાસનનો ખપ, તો કુંવર જૈ માંડો તપ.
જે. જે. ૯

તપ માંડયો બ્રહ્માજીયે ત્યારે, પામ્યા પદ્માસન;
સેવા કીધી મન ભાવતી ત્યારે પ્રગટયા નારદ મુન;
મુનિયે માંડયો મોટે જાગ, તપ તીરથ વ્રત થયાં સુભાગ;
જો કરીયે શ્રીહરિ પ્રસન્ન, તો અભાગીયાં ટળીયે તન.
જે. જે. ૧૦

ધ્રુવ—તને અભાગણી શું દાખું મા, ઠરે તમારો તન;
વનમાં જાઉં વેમેં કરીને, સુખ સં...
સુખ સંભારે મા...
કરી મે...

એ છે અનાથનોરે નાથ, તેને ભજવા જાઉંરે માત.

જે જે. ૧૩

સુરતી–વળી માતા એમ ઉચરે કુંવર, પાંચ વર્ષનો તન;
ભોળું બાળક એ નથી, કેમ હું વાળું મન;
કેમ મોકલું વનની વાટે. કહેતાં મારાં હૈડાં ફાટે;
આંખની આગળ રહેરે બાળ, ઘેર બેઠાં ભજીયે ગોપાળ

જે જે. ૧૪

ધ્રુવ—ઘેર ગોપાળ ન પામીયે મનમાં, મોહ ઉપજે માય;
ખાતાં પીતાં પહેરતાં માતા, કેમ દમાશે કાય;
કાય દમતાં સરશે કાજ, તપ કરતાં મળશે મહારાજ;
વનમાં જૈ વહેલો આવીશ, માતા દો મુજને આશિષ.

જે જે. ૧૫

કલ્યાણ;

આજ્ઞા માગીને સાંચર્યો, વંદીને શુકન;
શુકને મળી સવત્સી ગાય, સુવાસણી બેડું ભરી જાય;
વરકન્યા પરણીને વળ્યાં. વેદ ભણતા વિપ્રજ મળ્યા.

જો. જો. ૧૮

મળ્યા શુકન સૌ હર્ખના, ધ્રુજી નીકળ્યા નગર બહાર;
આગળ જાતાં ધ્રુવજીનેરે, મળીયા બ્રહ્મ કુમાર;
બ્રહ્મ-કુમાર ભગવાનને ચહાતા, હરીગુણ ગાતા વેણ સુવાતા;
કરજોડી કહે છે ભૂપ તન, ક્ષમા કરો તમે નારદ મુન્ય

જો. જો. ૧૯

નારદ-નારદ કહે શીદ જાઓ છો, શું છે તમારે કામ;
કોણ તમારાં માત પિતાને; શું છે તમારૂં નામ;
ધ્રુવ—મારૂં નામ છે ધ્રુવ નિર્ધાર, મારા પિતાને બે છે નાર;
રાય રાણી બેઠા સોરંગ, ઉત્તમને લેઈ

ઉછંગે

નારદ—જારે ઘેલા અત્યારથી તું, એવો શો ધરે કાળ;
માન કુમાન શું તાહરે તું તો, પાંચ વર્ષનું બાળ;
બાળકને શાં ધરવા બોલ, ખાઓ પીઓ ને કરો કલ્લોલ;
અપરમાનાં એવાં હેત, વિચારીને વાળો ચેત.
જે. જે. ૨૩

ધ્રુવ—ચિત્ત તે કઇ પેર વાળીયે, મને બોલાવ્યો નહિ બાપ;
કશાયમાં લેખાતો નહિ હું તો, તે ઉકળું છું તાપ;
નારદ—તાપ કુંવર નહિ આણીએ રતિ, સુખ દુખનું કોઇ સરીગત નથી;
હરીયે નિર્મ્યું તેમજ હોય, કર્યાં કર્મ છોડાવે ન કોય.
જે. જે. ૨૪

નારદ—કો કાળે વૃદ્ધિ હાણ છે તેનો, ન ધારો હર્ષ કે શોક;
અણચિંતવ્યું જે આવી મળે; તેનો ધર સંતોક;
... પધારો, અપરમાના બોલ વીસારો;
... પાવું ને માને સહુ.

વાઘ વરૂ વનમાં બહુ હશે, તે દેખી તુજ તન ધ્રુજશે.
જે. જે. ૨૭

જાશે ચિત્ત સંસારમાં ત્યારે, સાંભરશે રંગભોગ;
ભુખ તરશ જ્યારે લાગશે, ત્યારે કુંવર મુકશો જોગ;
(ધ્રુવ)–જોગ રૂષિ નહિ મુકું સ્વામ, મન દ્રઢ કરી રાખીશ ઠામ;
મેરૂ ચળે પણ ચુકું નહિ, રૂષિજી તમ પરતાપે સહી.
જે જે. ૨૮

નારદ–રૂષિ કહે નીસર્યો ત્યારે, જાને મધુવન માંય;
જમુનાજીમાં નાહિને તું, તપ આદરજે ત્યાંય;
ત્યાં જઇ કરજે અલ્પાશન, જળ પત્ર ને ફળ પ્રાશન;
વળી તું ભજજે હરીનું નામ, સ્વરૂપ સ્મરજે શ્રી ઘનશ્યામ

મન માન દીધાં બ્રહ્મ–પુત્રને, વળી આપ્યાં આસન;
આપ્યાં આસન બેઠા રૂષિ, આશા ઉત્તમ તાતને વશી;
(રાજા)—આશારે રૂષિ સુખના રાજ, પુત્ર વિના ચિંતા
અતિ આજ. જે જે. ૩૨

આજ સભામાં રૂષિજી મારે, ઉત્તમ ખોળામાંય;
પુત્રજી હોય તો આજ વધે બહુ, ઉછંગની શોભાય;
ઉછંગે બેસવા પુત્રજી આવ્યો, તેને તો મેં નવ બોલાવ્યો,
સ્ત્રીને વશાંસે વીસર્યું બાળ, અપરમાયે દીધી ગાળ.
જે જે. ૩૩

રૂષિ એ વચને નીસર્યોરે, વીરો ગયો છે વન;
વનમાં વાઘ વરુ હશે તેને, ધ્રૂજી ધ્રુજશે તન;
. . . . . ટાઢે, મંદિરમાં માલતો લાડે;
. . . કાયા કોમળસાર.
જે. જે. ૩૪

વળી વીરો અહિંયા આવતો, રમતો રંગ અપાર;
ભુખ તરસ જ્યારે લાગતી, સુખડી માગતો સાર;
સારી સુખડી સુંદર મેવા, કાલુ કાલુ બોલતો લેવા;
તેણે અમને કીધાં તાજ; પુત્ર વિના શું કરવું રાજ.
જો. જો. ૩૭

શુ કરીયે વડી સાહેલી, ચિત્ત ઠરતુ નથી કોઇ ઠામ;
શું કરીયે આ રાજને, શુ કરીયે ધનને ધામ;
ધન ગયું અમારૂં આજ, પુત્ર વિના સૌ સુનો સાજ;
પુત્ર વિના છુ દુર્બળ દુઃખી, મારા પ્રાણ જશેરે રૂખી.
જો. જો. ૩૮

નારદ—રૂષિ કહે તમે માં રૂવો, મને મોકલ્યું કહ્યુ તે બાળ;
આશીર્વાદ દેઇ મોકલ્યો, ભજવા શ્રી ગોપાળ;
ગોપાળ ભજશે દિવસ થોડે, કંવર ગો
આડો રાજ ને લે

૧૦૭૧૮

એમ કરતાં વિત્યા ખટ માસ, રૂદિયામાં ઓળખ્યા અવિનાશ.
જે. જે. ૪૧

અવીનાશીને ઓળખીયારે, એમ ઉભો રાજન;
પૃથિવ લાગી ડોલવા ત્યારે ડોલ્યું ઇંદ્રાસન;
ઇંદ્ર અમર સૌ એકઠા થયા, વેગે કરી વૈકુંઠે ગયા;
જઇ કેશવને લાગ્યા પાય, મધુવનમાં કોઇ કષ્ટે કાય.
જે. જે. ૪૨

દેવના–કાયા કષ્ટી વશ રાખવી એ, ઇંદ્રી મન અચેત;
અચરત એનો ઘણું એમ, બોલ્યા અમર ધરી હેત;
અમર કહે અમને બીક લાગી, રખે લીયે ઇંદ્રાસન માગી;
વિષ્ણુ–વિષ્ણુ કહે સાંભળ સુરપતિ, રાજભોગ એ કછનો નથી.
જે. જે. ૪૩

નથી કછનો સુખ લેહ;
નથી એહ;
દેહ;

નેત્ર ભરી નીહાળીનેરે, પ્રેમ શું પાયે લાગ્યા;
પ્રેમે કરી પરણ્યા નાથ, હરાયે મેલ્યો મસ્તક હાથ;
નિર્મળ વાણી હવી પ્રકાશ, સ્તુતિ કરે કરજોડી દાસ.
જે. જે. ૪૬

પ્રુર—દાસ દયાળને વિનવે, તમો સર્વ જગતના ભૂપ;
અકળ તમારી ગતિ છે ન્યારી, અકળ તમારૂં સ્વરૂપ;
સ્વરૂપ નામ તમારા જેહ, ગણતાં પાર ન પામું તેહ;
સઘળી વાત છો તમે શ્યામ; પ્રાણી માત્ર કરે પ્રણામ.
જે. જે. ૪૭

પરણામી પરમાત્મા શ્રીહરિ, સારંગપાણી હોય;
અદ્ભુત શકિત આપની, તાગ પ...
પાર ન જ...
એવ...

શોક કહે રઝળીને મુઓ, સ્વજનોમાંથી પડયો જુજવો.
જે. જે. ૫૦

પડયો સ્વજનથી જુજવો ત્યારે, મુરલીને દુઃખ થાય;
ઘેર જાને વીરા તું તારી, વાટ જુએ છે માય;
મા ને બાપતણું દુઃખ કાપો અહાંથી જઇ સૌને સુખ આપો;
મારી આજ્ઞા પાળજ આજ, છત્રીસ હજાર વર્ષ ભોગવ રાજ.
જે. જે. ૫૧

રાજ ભોગવી તું આવજે, તને મોકલીશ એક વિમાન;
તેમાં બેસી તું આવજે, તારૂં થશે જગતમા જાણ;
જાણુ જગતમાં થાશે રાય, તેણે વધશે તુજ મહિમાય;
કવિ—આપી વચન વળ્યા ગોપાળ, જમુનાજીમાં નાખું બાળ.
જે. જે. ૫૨

વિચાર;

લોકો—હરિ દર્શન કરીને આવીયોરે, રાય તમારો તન;
રાજા—હું દુઃખિયાને શું હસો છોરે, તમે તો સર્વે જન:
દુઃખિયાને શું હસવા આવ્યા, વને ગયા કેમ આવે પાછા;
વન ગયાને થયા ખટમાસ, તે કુંવરનો સો વિશ્વાસ.

જે. જે ૫૫

કવિ—જ્યાં વિશ્વાસ ન આવ્યો ત્યારે, આવ્યા નારદમુન,
નારદ—હરિ દર્શન કરીને આવ્યોરે, રાય તમારો તન:
રાય તમારો તન ઘણું જીવો, એ કુળમાં પ્રગટ્યો દીવો:
કવિ—વચન સુણી રીઝયા નરપતિ, વળતી વધામણી આપી અતિ

જે. જે. ૫૬

વધામણીમાં આપ્યા રૂડા : ગે
:થે ગોળ
...

મેર ચાલી તે કુંવર પીધી, માતાયે ઘણી આશીષ દીધી,
મુરલી—ઘણા વર્ષ જીવોરે તને, તમે કર્યા છે કુળપાવન.
જે. જે. ૫૯

પાવન કર્યાં કુળ આપણું, વંશે વધાર્યાં નામ,
મહિમા વધાર્યો જગતણો તે, તેં ભજીને શ્રીરામ;
કવિ રામ ભગત તકમાં દીઠા, ઉત્તમે ત્યાં છાપડા દીધા,
બન્ને બાપની પાંતી રળી, હેતનાં આંસુ આવ્યાં વળી.
જે. જે. ૬૦

વળી રોપવ્યા બારણા આગળ, કોમળ કેળના થંભ;
અક્ષત અંકુર કુમકુમ ને જળ, ભરી ચઢાવ્યા કુંભ;
કહે રૂપગ અમર લખિયાજ, તુંને અવિચળ હોજો રાજ,
[illegible] નો નિજ પ્રસાદ.
જે. જે. ૬૧

વર્ણાશ્રમના ધર્મ બધાને, સમજાવે મુનજાણ,
ધ્રુવ—આપ આપના ધર્મ પાળીયે, જે લખ્યું હોય ગીર્વાણ.
ગીર્વાણ–શાસ્ત્ર ભણેરે બ્રહ્મ, આયુધ બાંધવા ક્ષત્રી ધર્મ.
વૈશ્યને કર્યા ખેતી વેપાર, શુદ્રને સેવાનો અધીકાર.
જે. જે. ૬૪

સેવા તે સઘળા વરણુને, હરી ભજેને નિત્ય;
વરણુ ધર્મ સૌ પાળીયે સાચું, બોલીયે તે શુભ રીત;
સાચું બોલી સંતોષ વાળીયે, મોહ માયા મત્સર ટાળીયે;
ન કરો કુડ કપટ અન્યાય, એટલી શીખામણ દે છે રાય.
જે. જે. ૬૫

કવિ—છત્રીસ હજાર વર્ષ વહિ ગયાં ત્યારે આવ્યું વિમાન પાસ;
વિમાને બેસીને સંચર્યા, ધ્રુવજી [illegible]
આકાશમાં [illegible]